પૃથ્વી-૨ નું પુનઃ સફળ પરીક્ષણ

બેલાસોર, તા.૪

ભારતે આજે સવારે પરમાણુ સક્ષમ પૃથ્વી-૨ બેલાસ્ટિક મિસાઇલનું સફળ પરીક્ષણ કર્યું હતું. ઓરિસ્સામાં બેલાસોર ખાતે ઇન્ટેગ્રેટેડ ટેસ્ટ રેન્જ ખાતેથી ૩૫૦ કિલોમીટરની રેન્જ ધરાવતી આ બેલાસ્ટિક મિસાઇલનું યુઝર ટ્રાયલના ભાગરૂપે પરીક્ષણ કરવામાં આવ્યું હતું. સફળ પરીક્ષણ કરવામાં આવ્યું ત્યારે મોટી સંખ્યામાં સંરક્ષણ નિષ્ણાંતો ઉપસ્થિત રહ્યા હતા. ઓપરેશનલ કવાયતના ભાગરૂપે આઇટીઆરના લોન્ચ સંકુલ-૩ ખાતે મોબાઇલ લોન્ચરથી આ મિસાઇલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. અતિઆધુનિક મિસાઇલમાં તમામ પ્રકારની સાધનો ગોઠવાયેલા છે. બેલાસોરથી આશરે ૧૫ કિલોમીટરના અંતરે સ્થિત ચંદીપુર ખાતે ટેસ્ટ રેન્જથી પરીક્ષણ કરાયા બાદ ઉપસ્થિત વૈજ્ઞાનિકો અને નિષ્ણાંતોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. પૃથ્વી મિસાઇલ દેશના પ્રતિષ્ઠીત ઇન્ટેગ્રેટડ ગાઇડેડ મિસાઇલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામના ભાગરૂપે વિકસીત કરવામાં આવેલી પ્રથમ મિસાઇલ છે. આ મિસાઇલ ૫૦૦ કિલોગ્રામ વોરહેડ લઇને ત્રાટકી શકે છે. ટ્રાય સર્વિસ સ્ટ્રેટેજીક ફોર્સ કમાન્ડ (એસએફસી) દ્વારા આ પરિક્ષણ કરવામાં આવ્યું હતું. ભૂમિથી ભૂમિમાં પ્રહાર કરવામાં સક્ષમ આ મિસાઇલનું પરીક્ષણ સવારે ૯.૦૭ વાગે કરાયું હતું. તમામ પેરામીટરો અને સાધનોની ચકાસણી કરવામાં આવ્યા બાદ મિસાઇલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. સશસ્ત્ર દળો દ્વારા હાથ ધરવામાં આવેલી ટ્રેનીંગ કવાયતના ભાગરૂપે આ મિસાઇલનું પરીક્ષણ થયું હતું. પૃથ્વી અને અગ્નિ સિરીઝની સ્ટ્રેટેજીક મિસાઇલોના નિયમિત પરીક્ષણો સશસ્ત્ર દળો દ્વારા હાલમાં કરવામાં આવી રહ્યા છે. પાંચ અસરકારકતાના તમામ

ધારાધોરણો મેળવી લીધા હતા. પૃથ્વી અને અગ્નિ સિરીઝની સ્ટ્રેટેજીક મિસાઇલોના નિયમિત પરીક્ષણો સશસ્ત્ર દળો દ્વારા હાલમાં કરવામાં આવી રહ્યા છે. પાંચ હજાર કિલોમીટરની રેન્જ ધરાવતી અગ્નિ-૫ મિસાઇલના બીજા પરીક્ષણની હાલમાં ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે. આ મિસાઇલનું એપ્રિલ મહિનામાં પ્રથમ વખત પરીક્ષણ કરાયું હતું. ત્રણ તબક્કાની અગ્નિ-૫ મિસાઇલનું વજન ૫૦ ટનની આસપાસ છે અને ઊંચાઇ ૧૭.૫ મીટરની છે. અગ્નિ-૫ મિસાઇલ ચીનના મોટાભાગના વિસ્તારો સુધી ત્રાટકવામાં સક્ષમ છે. વર્ષ ૨૦૧૪-૧૫ સુધી આ મિસાઇલને સંપૂર્ણપણે ઓપરેશનલ બનાવી દેવામાં આવશે. અગ્નિ-૫ મિસાઇલના ચારથી પાંચ વારંવાર પરીક્ષણ કરવામાં આવનાર છે. યુઝર ટ્રાયલ અને નિયમિત પણે પરીક્ષણ બાદ જ આને ફરી ઓપરેશનલ બનાવવામાં આવશે. સશસ્ત્ર દળો હજુ સુધી પૃથ્વી મિસાઇલને સામેલ કરી ચૂક્યા છે. અગ્નિ-૧ની રેન્જ ૭૦૦ કિલોમીટરની છે. પૃથ્વી-૨ મિસાઇલનું સૌથી પહેલા પરીક્ષણ ૨૭મી જાન્યુઆરી ૧૯૯૬ના દિવસે કરવામાં આવ્યું હતું. ડેવલપમેન્ટ તબક્કાની પ્રક્રિયા ૨૦૦૪માં પુરી થઇ હતી. ૨૪મી સપ્ટેમ્બર ૨૦૧૦ના દિવસે પરીક્ષણ નિષ્ફળ ગયા બાદ બે વધુ મિસાઇલ પરીક્ષણ કરવામાં આવ્યા હતા જે સફળ સાબિત થયા હતા. આ મિસાઇલની રેન્જમાં હજુ પણ વધારો કરી શકાય છે. પૃથ્વી-૨ મિસાઇલ નવ મિટર લાંબી અને એક મિટર પહોંળી છે. લિક્વિડ પ્રોપર્સન ટ્રીન એન્જિન સાથે આ મિસાઇલ સજ્જ છે. ટ્રાયલ સાથે સંકળાયેલા સરંક્ષણ વૈજ્ઞાનિકોનું કહેવું છે કે મિસાઇલના તમામ પરિબળો યોગ્ય રીતે કામ કરી રહ્યા છે. ટ્રેનીંગ કવાયતના ભાગરૂપે અગાઉ પણ અનેક વખત આ મિસાઇલનો પ્રયોગ કરાયો છે. છેલ્લે ૨૫મી ઓગસ્ટ ૨૦૧૨ના દિવસે આ મિસાઇલનું પરીક્ષણ કરાયું હતું.

સમાચાર ઝલક

- સી.આર.પી.ના શહિદની પત્ની ઉપરાંત મા-બાપને વળતરનો નિર્ણય.
- મોરબીમાં સિરામીકના ઉદ્યોગપતિ ભેદી રીતે ગુમ.
- હવે યોગગુરૂ બાબા રામદેવ પણ રાજકીય પાર્ટી બનાવશે.
- ૬ મહિનાની અંદર સરકારી શાળાઓમાં શૌચાલય અને પીવાના પાણીની સુવિધા તાત્કાલિક આપો : સુપ્રીમ કોર્ટ.
- નવરાત્રીની તૈયારી : ચણિયા-ચોળી, જવેલરીની ખરીદી શરૂ થઇ.
- બિહારમાં ચૂંટણી પહેલા નવાં જ સમીકરણો રચાય તેવા સંકેત.
- અંબાજીના મેળા બાદ કચરાના ઢગ સર્જાતા રોગચાળાનો ભય.
- અમદાવાદમાં તોફાન : પરિસ્થિતિ વિસ્ફોટક બની, પોલીસનાં સપ્ત બંધોબસ્ત વચ્ચે સરકારી વાહનોને આંક ચાંપી.
- વેસ્ટ ઇન્ડિઝનાં ક્રિકેટરનાં રૂમમાંથી બ્રિટનની ૩ યુવતીઓની ધરપકડ.
- સોમનાથ મંદિરમાં ભોજન થાળીમાં રૂા.૧૦ થી ૧૫નો વધારો.
- સુરેન્દ્રનગર પંથકમાં એસ.ટી. કર્મચારીઓ હડતાળ પર.
- ૧ વર્ષમાં ભારતમાં ૧,૩૫,૦૦૦ લોકોએ કરી આત્મહત્યા.
- ચીનની એક કંપનીએ અમેરિકાના પ્રમુખ ઓબામા વિરૂધ્ધ કેસ કર્યો.
- નાઇજીરિયામાં ગોળીબાર : ૨૦ વિદ્યાર્થીઓનાં મોત.
- યુનાનમાં પાકિસ્તાનીઓ ઉપર હુમલો.
- દહેજના મામલામાં ૩ મહિના બાદ સમાધાનનાં તકની ભલામણ.
- ગોવામાં ૩ લાખથી ઓછી આવકવાળી ગૃહિણીઓને રૂા. ૧૦૦૦ ની મદદ મળશે.
- અમિત શાહની ભાજપમાં રાષ્ટ્રીય સ્તરે સેવાઓ લેવામાં આવશે, પક્ષના મહામંત્રી બનવાની શક્યતા.
- ગુજરાતનાં રાજકોટ પ્રવાસ દરમિયાન સોનિયાજી ચશ્મા ગાડીમાં ભૂલી જતાં મુલાકાતપોથીમાં નોંધ લખી શક્યા નહીં.
- ડિઝલમાં ભાવ વધારો થવાની શક્યતાઓ.
- દક્ષિણ ગુજરાતમાં વરસાદથી ઠંડક પ્રસરી, લોકોમાં રાહત.

આર્થિક સુધારાઓના નામે યુપીએ લૂંટ ચલાવી રહ્યું છે

નવી દિલ્હી, તા. ૪

કોંગ્રેસના નેતૃત્વ હેઠળની યુપીએ સરકાર રીટેલમાં એફડીઆઇ અને ડીઝલની કિંમતોમાં વધારો કર્યા બાદ હવે વધુ આર્થિક સુધારાના પગલાં લેવાની તૈયારી કરી રહ્યું છે ત્યારે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ સબસીડીવાળા રાંધણગેસની મર્યાદા બાંધવાના મુદ્દે કેન્દ્ર સરકારની આજે આકરી ઝાટકણી કાઢી હતી. ફેસબુક પર મમતા બેનરજીએ કહ્યું હતું કે, હવે સબસીડીવાળા રાંધણગેસના બાટલા પર મર્યાદા લાદવામાં આવી છે. સામાન્ય લોકોએ હવે પ્રતિ સિલિન્ડર ૧૨૭ રૂપિયા વધારાના ચૂકવવા પડશે. આગામી મહિનામાં તેનો પણ ભાવ વધે તેવી શક્યતા છે. મમતા બેનરજીએ ક્યારેય શાળાના ગરીબ બાળકોને અપાતા મધ્યાહન ભોજનની ચિંતા કરી નથી તેવો આક્ષેપ સરકાર પર કર્યો હતો. એલપીજી સિલિન્ડરમાં કિંમતો વધારવાની શાળાના બાળકો જમ્યા વિના જ હવે શાળામાં જશે. પોતાના ટેકેદારો અને સમર્થકોને કેન્દ્ર સરકારના ગેરવ્યાજબી નિર્ણયનો વિરોધ કરવાનું આહવાન કરતાં બેનર્જીએ કહ્યું હતું કે હજુ પણ કેન્દ્ર સરકાર જનતાના હિત વિરૂદ્ધ નિર્ણયો લેશે.આર્થિક સુધારાઓની સામાન્ય જનતાને શું અપેક્ષા છે ? મમતા બેનરજીએ ભારપૂર્વક કહ્યું હતું કે, આર્થિક સુધારાના નામે લૂંટ ચાલે છે લૂંટ. આ મુદ્દે કેન્દ્ર સરકાર હવે જૂઠ પર જૂઠ ચલાવી રહી છે.

શેરબજારમાં તીવ્ર તેજી જારી : ૧૮૮ પોઇન્ટ અપ

નવી દિલ્હી, તા.૪

શેરબજારમાં આજે તેજીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેન્સેક્સ ૧૮૮ પોઇન્ટ ઉછળીને બંધ રહેતા રોકાણકારો ભારે ઉત્સાહિત દેખાયા હતા. સરકાર આર્થિક સુધારાઓની દિશામાં વધુ ઝડપથી આગ વધવા જઇ રહી છે તેવી આશા વચ્ચે શેરબજારમાં તીવ્ર તેજી જોવા મળી રહી છે. નવા સુધારાઓની આશા વચ્ચે સેન્સેક્સ લાંબા ગાળા બાદ ફરીએકવાર ૧૯૦૦૦ની ઉંચી સપાટીએ રહ્યો છે. કારોબારના અંતે સેન્સેક્સ ૧૮૮ પોઇન્ટ ઉછળીને ૧૯૦૫૮ની ઉંચી સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૫૬ પોઇન્ટ સુધરીને બંધ રહ્યો હતો. કારોબારના અંતે નિફ્ટી ૫૭૮૮ની સપાટીએ રહ્યો હતો. આજે રૂપિયામાં પણ ભારે તેજી રહી હતી. મોટા ભાગના સેક્ટરલ ઇન્ડેક્સમાં દિવસ દરમિયાન તેજી રહી હતી. બીએસઇ રિલાલિટી ઇન્ડેક્સમાં સૌથી વધારે પાચં ટકાનો સુધારો જોવા મળ્યો હતો. જ્યારે તેની સપાટી ૧૯૪૪ પર રહી હતી. બેન્ક્સ, કન્ઝુમર ડ્યુરેબલ,, ઓઇલ એન્ડ ગેસ ઇન્ડેક્સમાં પણ તેજી રહી હતી. આ તમામ ઇન્ડેક્સમાં એકથી ૨.૫ ટકા સુધીનો સુધારો જોવા મળ્યો હતો. હેલ્થકેર ઇન્ડેક્સમાં એક ટકા સુધીનો ઘટાડો પણ જોવા મળ્યો હતો. બેંક નિફ્ટી માટે રેંજ ૧૧૦૦૦ અને ૧૨૦૦૦ વચ્ચે રહે તેવી શક્યતા છે. શેરબજારમાં તેજી માટે અનેક પરિબળો જવાબદાર દેખાઇ

રહ્યા છે. કારણ કે સરકાર હાલ ઝડપથી સુધારા સાથે આગળ વધી રહી છે. ભારત હેવી ઇલેક્ટ્રીકલ લિમીટેડમાં પણ તેજી જોવા મળી હતી. તેના શેરમાં ૬.૫ ટકાનો મોટો સુધારો જોવા મળ્યો હતો. ભારતી એરટેલમાં ૧.૫ ટકાનો મોટો સુધારો જોવા મળ્યો હતો. બેકિંગ શેરમાં તીવ્ર તેજી રહી હતી. તેના શેરમાં લેવાલી જોવા મળી હતી. આઇસીઆઇસીઆઇ, એચડીએફસી, અને અન્ય બેકિંગ શેરોમાં તેજી રહી હતી. આ તમામ શેરમાં બે ટકા સુધી સુધારો રહ્યો હતો. બીજી બાજુ સિપ્લાના શેરમાં ચાર ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. આજે કારોબાર દરમિયાન ૩૦૭૪ શેરમાં કારોબાર થયો હતો જે પૈકી ૧૭૦૬ શેરમાં તેજી રહી હતી જ્યારે ૧૨૪૩ શેરમાં મંદી રહી હતી. સેન્સેક્સે ૧૯૦૦૦ની સપાટીને કુદાવી લેતા રોકાણકારોમાં નવી જ આશા જાગી છે. ૧૫ મહિનામાં પ્રથમ વખત સેન્સેક્સે ૧૯૦૦૦ની સપાટી કુદાવી છે. ગઇકાલની સરખામણીમાં ૩૦ પોઇન્ટ ઓછા અંતર સાથે ખુલ્યા બાદ બેન્ચમાર્ક એક વખતે ૧૯૧૦૭ની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. જુલાઇ ૨૦૧૧ બાદ સેન્સેક્સ સૌથી ઉંચી સપાટીએ પહોંચ્યો છે. ઇન્ટ્રા ડે દરમિયાન ભારે તેજી જોવા મળી હતી. રીલાલિટી, કેપિટલ ગુડ્સ, પાવર, બેકિંગ, કેપિટલ ગુડ્સ અને પાવર સેક્ટરના શેરમાં લેવાલી જામી હતી. નવેસરના સુધારાની અસર જોવા મળી રહી છે.

રેલવેના યાત્રી ભાડામાં વધારો કરવા પેનલની નવી ભલામણ

નવી દિલ્હી, તા.૪

દિપક પારેખના નેતૃત્વમાં કમીટિએ રેલવે ભાડામાં અને વીજળીના ટેરિફમાં જંગી વધારો કરવા માટેની ભલામણ કરી છે. આ પેનલ દ્વારા શ્રેણીબદ્ધ ભલામણો કરવામાં આવી છે. જેના ભાગરૂપે જો તેની ભલામણોને સ્વીકારવામાં આવશે તો રેલવે ભાડામાં ફરીવાર વધારો થઈ શકે છે. ફાસ્ટ ટ્રેક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને પહોંચી વળવા માટે જરૂરી પગલાં લેવા આ પેનલ દ્વારા ભલામણ કરવામાં આવી છે. એચડીએફસીના ચેરમેન દિપક પારેખના નેતૃત્વમાં આ પેનલે તેનો અહેવાલ સરકારને સુપરત કરી દીધો છે જેમાં ટેલિકોમ્યુનિકેશન સેક્ટરમાં એફડીઆઈની મર્યાદાને વર્તમાન ૭૪ ટકાથી વધારીને ૧૦૦ ટકા કરી દેવાની ભલામણ કરી દીધી છે. સાથે સાથે ભૂતકાળમાં ફાળવવામાં આવેલા સ્પેક્ટ્રમની ફાળવણી, કિંમતો, વહેંચણી સાથે સંબંધિત રેગ્યુલેટરી અનિશ્ચિતતાને દૂર કરવાની પણ ભલામણો કરી છે. સાથે સાથે સેક્ટરને વધુ મજબૂત બનાવવા મર્જર અને અધિગ્રહણની નીતિને તર્કસંગત બનાવવાની વાત કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં અંતરને શોધી કાઢવા આ પેનલની રચના કરવામાં આવી હતી. વિકાસને પ્રોત્સાહન આપવા માટે અતિ મહત્વપૂર્ણ પ્રોજેક્ટોમાં આગળ વધવા પગલાં સૂચવવા માટે આ પેનલને કહેવામાં આવ્યું હતું.

કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન બી એસ યેદીયુરપ્પા ભાજપથી નારાજ

ચિકમાગલુર, તા.૪

કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન બી એસ યેદીયુરપ્પા ભાજપથી હાલ ખૂબ જ નારાજ દેખાઈ રહ્યા છે. તેઓ ભાજપ સાથે છેડો ફાડીને હવે નવી પાર્ટીની રચના કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. યેદીયુરપ્પાએ આ અંગેનો સંકેત આપી દીધો છે. મળેલી માહિતી મુજબ ડિસેમ્બર સુધી યેદીયુરપ્પા ભાજપ સાથે છેડો ફાડવાની યોજના ધરાવે છે. પક્ષની કેન્દ્રીય નેતાગીરી સાથે સમાધાનની કોઈ વાતચીત થઈ રહી હોવાના અહેવાલને યેદીયુરપ્પાએ રદિયો આપ્યો છે.

યેદીયુરપ્પાએ બેંગ્લોરથી

આશરે ૨૦૦ કિલોમીટરના અંતરે સ્થિત વિસ્તારમાં પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે તેઓ કોઈપણ રાજકીય પક્ષમાં સામેલ થશે નહીં પરંતુ નવી પાર્ટીની રચના કરવાની યોજના ધરાવે છે. રાજ્યના જુદા જુદા ભાગોમાં પ્રવાસ કર્યા બાદ ડિસેમ્બર સુધીમાં નવી પાર્ટીની જાહેરાત કરવાનો સંકેત યેદીયુરપ્પાએ આપ્યો હતો. જનતા પાર્ટી, સમાજવાદી પાર્ટી અથવા તો જનતાદળ યુનાઈટેડ પૈકી કોઈ એક પાર્ટીમાં તેઓ સામેલ થઈ શકે છે તેવા અહેવાલ આવ્યા બાદ યેદીયુરપ્પા દ્વારા આ પ્રકારની ટિપ્પણી કરવામાં આવી છે. પક્ષની કેન્દ્રીય નેતાગીરીથી યેદીયુરપ્પા હાલમાં ભારે નાખુશ દેખાઈ રહ્યા છે. માઈનીંગ સહિત જુદા જુદા કૌભાંડમાં પણ તેમની સંડોવણી રહી છે.

સચિનની સાંસદ વરણી મુદ્દે સુપ્રીમ કોર્ટમાં અરજી કરાઇ

નવી દિલ્હી, તા. ૪

માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડૂલકરની રાજ્યસભાના સાંસદ તરીકે વરણીને પડકારતી અરજીઓના સ્થાનાંતરણ માટે એક અરજી સુપ્રીમકોર્ટમાં દાખલ થઇ હતી.સચિનની વરણીના પ્રશ્ને અરજી કરીને તર્કદાર દલીલો

કરવામાં આવી છે. હવે આ મામલે ટુંક સમયમાં વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. સચિનની વરણીને જુદી જુદી કલમની જોગવાઇનો ઉપયોગ કરીને પડકારવામાં આવી છે. સુપ્રીમ કોર્ટમાં સ્થળાંતર કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ અરજી દિલ્હીના પૂર્વ ધારાસભ્ય રામગોપાલસિંહ સિસોદીયાના વતી તેમના વકીલ આર. કે. કપૂરે કરી હતી. તેમણે અરજીમાં રજૂઆત કરી હતી કે, બે હાઇકોર્ટમાં અરજી થઇ હોવાથી પરસ્પર વિરોધી નિર્ણય આવી શકે છે. તેથી સમગ્ર મામલો સુપ્રીમકોર્ટે જ ઉકેલવા માંગી લેવો જોઇએ. બંધારણની ૧૩૯મી કલમ હેઠળ રામગોપાલસિંહ સિસોદીયાએ અરજી કરી છે. આ કલમ હેઠળ સુપ્રીમ કોર્ટ, હાઇકોર્ટમાં પડતર કોઇપણ કેસ અથવા એટર્ની જનરલ તેમજ કોઇપણ પ્રકારની વિનંતી પર પોતાના તાબા હેઠળની કોર્ટમાં હસ્તગત કરી શકે છે. અરજીમાં સિસોદીયાએ રજૂઆત કરી છે કે હાઇકોર્ટમાં દાખલ અરજીઓમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ સંદર્ભે એ યોગ્ય ગણાશે કે સુપ્રીમ કોર્ટ સમગ્ર મામલો પોતાની પાસે મંગાવીને બંધારણની કલમ ૮૦ ની જોગવાઇઓની વ્યાખ્યા કરી છે. નોંધનીય છે કે સિસોદીયાએ રાજ્યસભામાં નિમણુંક માટે બંધારણની કલમ ૮૦ હેઠળની વિવિધ શ્રેણીઓના આધારે સચિન તેંડૂલકરની નિમણુંકને હાઇકોર્ટમાં પડકારી છે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં જ સચિન અને રેખા સહિત કેટલીક હસ્તીઓની રાજ્યસભામાં સાંસદ તરીકે વરણી કરવામાં આવી હતી. સચિન પાસે સમય નહી હોવાની દલીલ થઇ હતી.

માલેગાવ કેસ : પુરોહિતને જામીન આપવાનો ઇન્કાર

નવી દિલ્હી, તા.૪

સુપ્રીમ કોર્ટે વર્ષ ૨૦૦૮ના માલેગાંવ બ્લાસ્ટ કેસમાં મુખ્ય આરોપી અને સેનાના પૂર્વ અધિકારી શ્રીકાંત પ્રસાદ પુરોહિત, પ્રજ્ઞા ઠાકુર અને અન્ય આરોપીઓને વચગાળાના જામીન આપવાનો ઇન્કાર કરી દીધો હતો. જસ્ટિસ એચ એલ દત્તુ અને સી કે પ્રસાદની બનેલી બેંચે વચગાળાની રાહત આપવાનો ઇન્કાર કર્યો છે. અગાઉ વરિષ્ઠ વકીલ યુ આર લલિતે આરોપી તરફથી રજૂ થઈને દલીલ કરી હતી કે તેઓ છેલ્લા ચાર વર્ષથી જેલમાં છે. તેમની અરજીઓની સુનાવણી સુપ્રીમ કોર્ટ દ્વારા હાથ ધરવામાં આવી રહી નથી. બેંચે કહ્યું હતું કે હાલના તબક્કે અમે જામીન આપીશું નહીં. બેંચે વધુમાં કહ્યું હતું કે નિયમિત આધાર ઉપર અરજીઓની સુનાવણી ચલાવવામાં આવી નથી તેના માટે સુપ્રીમ કોર્ટની બેંચ દોષિત નથી.

કોર્ટે ફરી એકવાર આ કેસ ત્રણ સપ્તાહ સુધી મોકુફ કરી દીધો છે. બીજી બાજુ બેંચે આરોપીઓની પૂછપરછ કરવાથી એનઆઈએને રોકવા માટેના તેના વચગાળાના આદેશને પણ લંબાવી દીધો છે. આ વર્ષે ૪થી જાન્યુઆરીના દિવસે સુપ્રીમ કોર્ટે મુંબઈ હાઈકોર્ટના આદેશના તેના સ્ટેને લંબાવી દીધો હતો.

કુખ્યાત જુન્ડાલ આઠમી સુધી જ્યુડિશિયલ કસ્ટડીમાં રહેશે

નવી દિલ્હી,તા. ૪

દિલ્હીની અદાલતે દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં ભીષણ ત્રાસવાદી હુમલાને અંજામ આપનાર ખતરનાક ત્રાસવાદીઓના હેન્ડલર અને મુખ્ય શકમંદ અબુ જુન્ડાલને આઠમી ઓક્ટોબર સુધી જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવાનો આદેશ કર્યો હતો. ભારતમાં ત્રાસવાદી હુમલાઓ કરવાના કાવતરાના સંબંધમાં કેસ મામલે દિલ્હીમાં તીસ હજારી કોર્ટમાં જુન્ડાલને સઘન સુરક્ષા વ્યવસ્થા હાજર કરવામાં આવ્યો હતો. જુન્ડાલને તિહાર જેલમાં મોકલી દેવાનો આદેશ કરતા ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ વિદ્યા પ્રકાશે આઠમી અને ૧૨મી ઓક્ટોબરના દિવસેબે જુદી જુદી કોર્ટમાં હાજર કરવાનો આદેશ કર્યો હતો. નેસનલ ઇન્વેસ્ટીગેશન એજન્સીએ કોર્ટમાં કહ્યુ ંહતું કે જુન્ડાલને આઠમી ઓક્ટોબરના દિવસે ખાસ એનઆઇએની કોર્ટમાં હાજર કરવાની જરૂર છે. ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટે ૧૨મી ઓક્ટોબરના દિવસે જુન્ડાલ માટે નવેસરથી વોરંટ જારી કર્યું હતું. મહારાષ્ટ્ર પોલીસ દ્વારા જુન્ડાલને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. પોલીસે કોર્ટમાં કહ્યું હતું કે તેમના રાજ્યમાં તપાસ માટે જુન્ડાલની કોઈ જરૂર નથી. તેની તપાસ પહેલાથી જ પૂર્ણ કરી લેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે એનઆઇએ દ્વારા જુન્ડાલ અને તેના સાગરીત કાગજી સામે આઠમી જુનના દિવસે ઓફઆઇઆર દાખલ કરી હતી. મુંબઈ અને દિલ્હીમાં હુમલા કરવાના ઇરાદાથી તોયબા અને અન્ય ત્રાસવાદી સંગઠન માટે વિસ્ફોટક એકત્રિત કરવા બદલ તેમની સામે કેસ કરવામાં આવ્યો હતો. જુન્ડાલ સામે વર્ષ ૨૦૦૬ના ઓરંગાબાદ શસ્ત્ર કેસમાં તેની સામે કેસ કરવામાં આવ્યો હતો. મુંબઈ હુમલાના મામલે તેના પર આક્ષેપ છે કે જુન્ડાલે પાકિસ્તાનમાં સ્થાપિત કન્ટ્રોલ રૂમમાં બેસીને ત્રાસવાદીઓને જરૂરી આદેશો આપ્યા હતા.

ઉત્તર પ્રદેશમાં મગજના તાવથી વધુ સાતના મોત : મૃતાંક ૩૯૦

ગોરખપુર, તા.૪

ઉત્તર પ્રદેશમાં રહસ્યમય મગજના તાવના કારણે વધુ સાતના મોત થયા છે. આની સાથે જ મોતનો આંકડો વધીને ૩૯૦ ઉપર પહોંચી ગયો છે. બીઆરડી મેડીકલ કોલેજ હોસ્પિટલમાં વધુ સાત બાળકોના મોત થયા છે. તમામ મૃતકોની ઓળખ કરી લેવામાં આવી છે. આરોગ્ય અધિકારીઓએ આજે સવારે માહિતી આપતા કહ્યું હતું કે ગોન્ડામાં એક, બસ્તીમાં એક, ગોરખપુરમાં એક અને સિદ્ધાર્થનગરમાં બે બાળકોના મોત થયા છે. આ ઉપરાંત કુસીનગરમાં બેના મોત થયા છે. એડીશનલ ડિરેક્ટર (આરોગ્ય) દિવાકર પ્રસાદે કહ્યું છે કે બીઆરડી એમસીએચમાં મગજના તાવથી ગ્રસ્ત ૨૩ લોકોને દાખલ કરવામાં આવ્યા છે.

આ વર્ષે પ્રદેશની જુદી જુદી સરકારી હોસ્પિટલોમાં ૨૫૧૧ દર્દીઓને દાખલ કરવામાં આવ્યા છે જે પૈકી ૩૯૦ના મોત થયા છે. આ હોસ્પિટલમાં ૨૭૦ વિદ્યાર્થીઓને હજુ પણ સારવાર આપવામાં આવી રહી છે. દરમિયાન સંવેદનશીલ વિસ્તારોના ગ્રામ પ્રધાનો દ્વારા આ રોગના ફેલાવાને રોકવા માટે વ્યાપક સેનિટેશન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

આઈસીસી ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપમાં આજે ઓસ્ટ્રેલિયા અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચે સેમીફાઈનલ

કોલંબો, તા.૪

આઈસીસી ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપની બીજી સેમીફાઈનલમાં આવતીકાલે ઓસ્ટ્રેલિયા અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે જંગ ખેલાશે. ટીમમાં ૩૫ વર્ષીય ડેવીડ હસ્સીનો ફરીવાર સમાવેશ કરવામાં આવે તેવી શક્યતા છે. મેચના મહત્વને ધ્યાનમાં લઈને રાષ્ટ્રીય પસંદગીકારે ડેવીડ હસ્સીને મેદાનમાં ઉતારવા ઈચ્છે છે. ડેવીડ હસ્સી ઓલરાઉન્ડરની સાથે સાથે આક્રામક બેટ્સમેન છે. અન્ય ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલને પડતો મૂકવામાં આવે તેવી શક્યતા છે. તેની જગ્યાએ ડેવીડ હસ્સીનો સમાવેશ કરવામાં આવશે. ૩૫ વર્ષીય હસ્સી ટ્વેન્ટી ક્રિકેટના ઈતિહાસમાં સૌથી આક્રમક ખેલાડી તરીકે રહ્યો છે. આફ્રિકન ખેલાડી એ મોરકેલ બાદ તે બીજો એવો ખેલાડી છે જે વધારે મેચોમાં રમ્યો છે.

ઓસ્ટ્રેલિયન પસંદગીકારો ઈચ્છે છે કે ડેવીડ હસ્સી ઓસ્ટ્રેલિયા માટે મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે. મેક્સવેલની ભૂમિકા બેટ સાથે મર્યાદિત રહી છે. કારણ કે ઓસ્ટ્રેલિયાના ટોચના બેટ્સમેનો શાનદાર ફોર્મમાં રહ્યા છે. વધારે બેટિંગ કરવાની તક મળી નથી. ઓસ્ટ્રેલિયન પસંદગીકારો ઈચ્છે છે કે ઓસ્ટ્રેલિયા સંપૂર્ણ તાકાત સાથે મેદાનમાં ઉતરે અને વેસ્ટ ઈન્ડિઝને હાર આપીને ફાઈનલમાં પ્રવેશ કરે.

આ મેચનું પ્રસારણ સ્ટાર ક્રિકેટ પરથી સાંજે ૭.૦૦ વાગ્યાથી કરવામાં આવશે. વિન્ડીઝની ટીમ પણ લડાયક મૂડમાં દેખાઈ રહી છે. તમામની નજર વિન્ડીઝના ક્રિસ ગેઈલ ઉપર કેન્દ્રીત રહેશે. બીજી બાજુ ઓસ્ટ્રેલિયા તરફથી શેન વોટ્સન, ડેવીડ વોર્નર શાનદાર ફોર્મમાં રહ્યા છે જેથી આ બંનેની ભૂમિકા પણ મહત્વપૂર્ણ રહેશે.